n{[ÿt[tÞ W¥th „sht, ÞrTMðrËxeTM …trût f ð¥t…ºt

Ë¤„ yf : 683, ð»t : 30
yf : 4 Vƒyth-16, 2017

# ઉદીચ્ય



HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય: શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ: શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

जगत् में आधुनिक जीवन संबंधी समस्या परिहार और व्यवस्था निर्माण के लिए सनातन भारतीय दृष्टि पर आधारित युगानुकूल चिंतन, जो स्व. पंडित दीनदयालजी द्वारा रुपायित हुआ, वह केवल कागजी कल्पना-अभिलाषी नहीं था। भारत के कण-कण व जन-जन के सुख-दुःख के साथ एकाकार मानवीय संवेदना उसमें बोलती है। व्यक्तिगत चेतना को वैश्विक चेतना तक विस्तारित करनेवाले, सनातन मूल्याधारित आचरण का तपस-तेज उसमें से प्रस्फुटित होता है। सरल, निश्छल, आत्मीय भावना से किए गए निस्वार्थ, निरंतर परिश्रम का प्रभाव उसके प्रत्येक शब्द को मंत्र-भारित करता है, इसलिए वह कोई मतवाद या उत्पत्ति नहीं, दर्शन है। उसको समझकर, उसके विस्तार और उस पर आधारित नीतियों तथा व्यवस्थाओं का उपयोग होना आवश्यक है, इसलिए उसको समग्रता से, सूक्ष्मता से जानना भी समय की आवश्यकता है।

**दीनदयाल उपाध्याय-संपूर्ण वाङ्मय,**
**खंड एक, मोहन भागवत लिखितभूमिका, पृष्ठ-तीस, एकतीस.**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ભારતીય ચિંતનની બે પ્રમુખ વિચારધારાઓ રહી છે, એક છે, બ્રાહ્મણ અથવા સનાતન પરંપરા, જે વેદો આધારિત છે. બીજી પરંપરા શ્રમણ પરંપરા છે. શુભ વિચારો અમને સર્વ દિશાઓમાંથી પ્રાપ્ત થાઓના સિધ્ધાંત પર રચાયેલ બ્રાહ્મણ પરંપરા સહઅસ્તિત્વને સ્વીકારી સૌનું ભલું થાઓ તે સિધ્ધાંત પર રચાયેલ છે. બીજી ધારા શ્રમણ પરંપરા છે જેમાં બૌદ્ધ તથા જૈન પરંપરાનો સમાવેશ થાય છે. શ્રમણ પરંપરાની જૈન ફિલસૂફીનો આધાર સ્તંભ ‘‘અનેકાન્તવાદ’’ છે. બન્ને પરંપરામાં સહઅસ્તિત્વવાદનો સ્વીકાર થયેલ છે. ભારતીય લોકશાહી પણ આ સહઅસ્તિત્વવાદના સિધ્ધાંતને પૂષ્ઠિકર્તા છે. અનેક રાજકીય વિચારધારાઓ હોવા છતાં લોકશાહી દિવસે દિવસે પુખ્ત થતી જાય છે, કારણ કે જનમાનસમાં સહઅસ્તિત્વ અથવા અનેકાન્તવાદના મૂળ ઊંડા ઉતરેલા છે.

આઝાદ ભારતના ઈતિહાસમાં એક પક્ષ-કોંગ્રેસ દ્વારા લાંબા સમય સુધી રાજ્ય શાસન કરવામાં આવ્યું. અન્ય પક્ષોની વિચારધારાઓને તેમના આંતરિક ભાગો સિવાય બહોળી પ્રસિદ્ધિ ન મળે તે સ્વાભાવિક હતું. આવી જ એક બાબત ભારતીય જનસંઘના રાષ્ટ્રીય મહામંત્રી તથા રાષ્ટ્રીય અધ્યક્ષ રહેલા પંડિત દીનદયાલ ઉપાધ્યાયનું ‘‘એકાત્મ માનવવાદ’’નું દર્શન જન સમૂહ સુધી પહોંચી શક્યું નથી તે છે.

ભારતીય જનસંઘના પ્રણેતા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ કોંગ્રેસ પક્ષથી પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી. પંડિત જવાહરલાલ નહેરુના વડપણવાળી પ્રથમ સ્વતંત્ર ભારત સરકારના ઉદ્યોગ પ્રધાન તરીકે કામગીરી પણ કરી. હિંદુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પણ રહ્યા. પૂર્વ પાકિસ્તાનના હિંદુ પ્રજાની ઉપેક્ષા થઈ રહી છે તે મુદ્દા પર એમણે રાજીનામું આપ્યું. ત્યારબાદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના દ્વિતીય સર સંઘચાલક શ્રી માધવ સદાશિવ ગોળવળકર (શ્રી ગુરુજી)ના સક્રિય સહયોગથી અલગ રાજકીય મંચ-ભારતીય જનસંઘની ઓક્ટોબર-૧૯૫૧માં સ્થાપના કરી. શ્રી ગુરુજીએ સંઘના મજબૂત વિચારક અને પ્રચારક એવા પંડિત દીનદયાલજીને રાષ્ટ્રીય મહામંત્રી પદે આપ્યા. તેઓ છેક ૧૯૬૭ સુધી પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી રહ્યા. ડૉ. શ્યામાપ્રસાદના રહસ્યમય મોત બાદ પંડિતજી ભારતીય જનસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા. ૧૧ ફેબ્રુઆરી, ૧૯૬૮ના રોજ રહસ્યમય રીતે મુઘલસરાઈ રેલ્વે સ્ટેશન પાસે રેલ્વેના પાટા પરથી તેમની લાશ મળી આવી. આજ દિન સુધી તેમનું મૃત્યુ અકળ રહસ્ય રહ્યું છે. આજે સત્તાના શિખરે બિરાજતા ભારતીય જનતા પક્ષની વિચારધારાનું ઘડતર પંડિત દીનદયાલને આભારી છે.

૨૫મી સપ્ટેમ્બર, ૧૯૧૬માં ઉત્તરપ્રદેશના મથુરા નજીકના નગલા ચંદ્રભાણમાં જન્મેલ પંડિતજીની જન્મ શતાબ્દીનું આ વર્ષ છે. ભારત સરકાર, તમામ રાજ્ય સરકારો તેમજ વિવિધ શિક્ષણ સંથાઓ દ્વારા તેમની જન્મ શતાબ્દીની ઉજવણી થકી તેમના વિચારોને જનસમુદાય સુધી લઈ જવાનો નિર્ધાર થયો છે. એકાત્મ માનવદર્શન - અનુસંધાન એવમ્ વિકાસ પ્રતિષ્ઠાન તથા દીનદયાલ શોધ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ‘દીનદયાલ સંપૂર્ણ વાઙ્ગમય’નું પ્રકાશન ડૉ. મહેશચંદ્ર શર્માના નેતૃત્વમાં તૈયાર કરવામાં આવ્યું છે. પ્રભાત પ્રકાશન દ્વારા પંદર ગ્રંથોની વિશાળ શ્રેણીનું આ વાઙ્ગમય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. ઈતિહાસમાં ધરબાઈ ગયેલી ઘણી બધી વાતો આ સાહિત્ય ઉજાગર કરે છે.

‘‘એકાત્મ માનવવાદ’’નું દર્શન આપનાર ભારતીય વિચારક, ચિંતક, અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, ઈતિહાસકાર તથા પત્રકાર તરીકેના તેમના વિચારો આજે પણ સંપૂર્ણપણે પ્રસ્તુત છે. ૨૫ સપ્ટેમ્બર, ૧૯૧૬માં તેમનો જન્મ રાજસ્થાનના મધ્યમ વર્ગના હિંદુ

પરિવારમાં થયો. તેમના દાદા પંડિત હરીરામ ઉપાધ્યાય, પ્રખર જ્યોતિષી હતા. તેમના પિતાશ્રી ભગવતીપ્રસાદ ઉપાધ્યાય જેતસરમાં સહાયક રેલ્વે માસ્તર હતા. માતા રામપ્યારી તેમની ઉંમર અઢી વર્ષની હતી ત્યારે જ મૃત્યુ પામ્યા. પિતાશ્રી પણ અચાનક મૃત્યુ પામ્યા. તેમનો ઉછેર મોસાળમાં થયો. તેમના નાના પણ તેમની ઉંમર ૧૦ વર્ષની હતી ત્યારે ગુજરી ગયા. એક નાનો ભાઇ શિવદયાલ ઉપાધ્યાય પણ માત્ર ૧૮ વર્ષની ઉંમરે ગુજરી ગયો. મામાના ત્યાં સીકર રાજસ્થાનથી પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. જી.ડી. બીરલા કોલેજ, પીલાની તથા કાનપુર વિશ્વવિદ્યાલયમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ૧૯૩૭માં તેઓ જ્યારે કાનપુર વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા ત્યારે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં ડૉ. હેડગેવારની પ્રેરણાથી જોડાયા. ૧૯૪૨માં કોલેજ શિક્ષણ પૂર્ણ થતાં નાગપુરમાં સંઘનાં ૪૦ દિવસની શિબિરમાં ભાગ લીધો. ૧૯૫૧ સુધી સંઘના પ્રચારક તરીકે વિવિધ ભૂમિકાઓ ભજવી.

પંડિતજીએ એક લેખક તરીકેની ભૂમિકા લખનઉથી પ્રકાશિત થનાર માસિક પત્રિકા ‘‘રાષ્ટ્રધર્મ’’માં ૧૯૪૦ના અરસામાં નિભાવી. આર.એસ.એસ.ના કાર્યકાળ દરમ્યાન સાપ્તાહિક ‘પંચજન્ય’ તથા દૈનિક સમાચાર પત્ર ‘‘સ્વદેશ’’ શરૂ કર્યા. હિન્દીમાં શંકરાચાર્યનું જીવન ચરિત્ર લખ્યું તથા ચંદ્રગુપ્ત મોર્યનું નાટક પણ લખ્યું. સંઘના સંસ્થાપક ડૉ. હેડગેવારજીનું જીવનચરિત્ર મરાઠીમાંથી હિન્દીમાં અનુવાદિત કર્યું. તેમના અન્ય પ્રકાશનોમાં અખંડ ભારત કેમ છે ? રાષ્ટ્ર જીવનની સમસ્યાઓ, રાષ્ટ્રીય ચિંતન અને રાષ્ટ્ર જીવનની દિશાનો સમાવેશ થાય છે.

ભારતીય લોકતંત્ર તથા સમાજ વિશે તેઓ એવું માનતા કે, આઝાદી બાદ ભારતના વિકાસ માટેનો પાયો ભારતીય સંસ્કૃતિ હોવી જોઇએ, નહીં કે અંગ્રેજો દ્વારા અપનાવાયેલી પશ્ચિમી વિચારધારા. તેમના દ્વારા પ્રસ્થાપિત ‘‘એકાત્મ માનવવાદ’’ની અવધારણા વર્તમાન ભારતીય જનતા પક્ષ માટે પાયાની બાબત છે. તેમના મતે પ્રત્યેક વ્યક્તિના શરીર, મન, બુદ્ધિ અને આત્માને એકાત્મતાથી જોડવું એ જ ભારતીય રાજનીતિક દર્શન હોઇ શકે. સ્વતંત્ર ભારતની કલ્પના પશ્ચિમી અવધારણાઓ જેવી કે - વ્યક્તિવાદ, સમાજવાદ, સામ્યવાદ કે મૂડીવાદ પર આધારિત ન હોઇ શકે.

એકાત્મ માનવવાદનો (Integral Humanism) પરિચય તેમણે ૨૨ થી ૨૫ એપ્રિલ, ૧૯૬૫માં મુંબઇમાં આપેલ ચાર વ્યાખ્યાનોમાં સંકલિત રીતે પ્રકાશિત થયેલ છે. પ્રથમ વ્યાખ્યાનમાં તેમણે પૂ. ગાંધીજી લિખિત - ‘હિન્દ સ્વરાજ્ય’ અને લોકમાન્ય તિલક લિખિત- ‘ગીતા રહસ્ય’ને આધારબિન્દુ માની ભારતની આર્થિક નીતિ, વિદેશ નીતિની સમીક્ષા કરી, રાષ્ટ્રીય ઓળખ પ્રસ્થાપિત કરવાની વાત કરી છે. બીજા વ્યાખ્યાનમાં પશ્ચિમી વિચારસરણી તથા ભારતીય ચિંતન વિશે વિસ્તૃત છણાવટ કરી છે. ત્રીજા વ્યાખ્યાનમાં વ્યક્તિ અને સમાજને જોડવાની વાત કરી છે તથા ચોથા અંતિમ વ્યાખ્યાનમાં ભારતને કેવા પ્રકારનું આર્થિક મોડલ જોઇએ તેની ચર્ચા કરી છે. આ ચાર વ્યાખ્યાનોથી ‘એકાત્મ માનવવાદ’ વિશેના તેમના વિચારો એક દાર્શનિકના રૂપમાં ઊભરી આવ્યા.

સમગ્ર વર્ષ દરમ્યાન પંડિત દીનદયાલની શતાબ્દી ઉજવણી હોઇ, એકાત્મ માનવવાદ તથા અખંડ ભારતના તેમના સ્વપ્નને જન સામાન્ય સુધી પહોંચાડવું અત્યંત આવશ્યક છે જેથી તેની વિશદ ચર્ચા થાય અને આપણે સૌ આ મહાન ચિંતકના વિચારોને જાણી તેને અમલમાં મૂકવા પ્રયત્નો કરી શકીએ.

પંડિતજી દ્વારા લખાયેલ લેખો, આપેલ ભાષણો, બૌદ્ધિક વર્ગો તથા વિવિધ સંવાદોને ડૉ. મહેશચંદ્ર શર્મા દ્વારા ૧૫ ગ્રંથોમાં સંપૂર્ણ વાઙ્ગમય તૈયાર કરવામાં આવ્યું છે. પંડિતજીના મૃત્યુ પછી પચાસ વર્ષો બાદ આ સાહિત્યનું સર્જન થયું છે. આવો આ વાઙ્ગમયનો ટૂંક પરિચય મેળવીએ.

પ્રથમ ખંડમાં ૧૯૪૦ થી ૧૯૫૦ની સામગ્રી છે. સંઘ પ્રચારકના દસ વર્ષ દરમ્યાન તેમના દ્વારા સર્જન કરાયેલ સાહિત્યનો સમાવેશ થાય છે. બીજા ખંડમાં ૧૯૫૧ તથા ૧૯૫૨ના વર્ષની વિગતો છે જે ભારતીય જનસંઘની સ્થાપના પ્રથમ ચુંટણી તથા પ્રથમ પંચવર્ષીય યોજનાનો સમયગાળો છે. ખંડ ત્રણમાં વર્ષ ૧૯૫૪-૧૯૫૫ની સામગ્રી છે આ ગોવા મુક્તિ સંગ્રામનો સમયગાળો છે. આ ખંડ ગોવા મુક્તિ સત્યાગ્રહનું નેતૃત્વ કરનાર શ્રી જગન્નાથરાવ જોષીને સમર્પિત છે. ચોથો ખંડ વર્ષ ૧૯૫૬-૧૯૫૭ના સમય કાળનો છે. એક જ વર્ષ ૧૯૫૮નો સમયગાળો ખંડ પાંચ અને છ માં સમાવિષ્ટ કરાયેલ છે. ખંડ પાંચમાં પંડિતજીના આર્થિક વિચારો પર આધારિત છે. જ્યારે ખંડ-છ દીનદયાલજીના પુસ્તક "The Two Plans : Promises, Performance, Prospects" પર આધારિત છે. ખંડ સાતના સમયગાળો વર્ષ ૧૯૫૯નો છે. ચીન દ્વારા ભારત પર કરાયેલ આક્રમણનો આ સમય છે. ખંડ આઠમા વર્ષ ૧૯૬૦ની સામગ્રી છે. વર્ષ-૧૯૬૧ની સામગ્રી નવમા ખંડમાં સમાવિષ્ટ છે. ખંડ નવ તથા દસ અનુક્રમે વર્ષ ૧૯૬૧ તથા ૧૯૬૨ના સમયકાળની વિગતો પર આધારિત છે. વર્ષ ૧૯૬૩-૬૪ના વર્ષો દરમ્યાન પંડિતજીએ એકાત્મ માનવવાદ વિષય પર વ્યાખ્યાનો આપ્યા તે વિશે છે. વર્ષ ૧૯૬૫નો સમયગાળો ભારત-પાકિસ્તાન યુદ્ધ, તાસ્કંદ સમજણને છે. જે ખંડ બારમાં સંકલિત છે. ખંડ તેર ૧૯૬૬ના સમયગાળા પર આધારિત છે. જેમાં વીર સાવરકરનું નિધન, ગૌહત્યા વિરુદ્ધ આંદોલનના સમયગાળાનો છે. વર્ષ ૧૯૬૭-૬૮ની સામગ્રી ખંડ ચૌદમાં સમાવિષ્ટ છે. આ ખંડની ભૂમિકા ગુજરાતના રાજ્યપાલ મા. શ્રી ઓ.પી. કોહલી દ્વારા લખાયેલ છે. અંતિમ ખંડ પંદરમાં જેના વિશે સમય નક્કી નથી થઇ શકતો તેવી બાબતોને વણી લેવાઇ છે.

પંદર ખંડમાં સમાવિષ્ટ સંપૂર્ણ વાઙ્ગમયની વિશેષતા એ છે કે દરેક ખંડની ભૂમિકા જુદા જુદા નિષ્ણાંતો દ્વારા લખાયેલ છે તથા દરેક ખંડ વિશિષ્ટ વ્યક્તિઓને સમર્પિત કરેલ છે. ભારતીય પરંપરા તથા એકાત્મ માનવવાદની અવધારણાની સમજ મેળવવાની જિજ્ઞાશા પ્રગટ થાય તે હેતુથી સંક્ષિપ્ત પરિચય આપવાનો હેતુ છે.

અંતે, ગુજરાતના વરિષ્ઠ પત્રકાર શ્રી હરિ દેસાઇ દ્વારા ‘અતિથિ આજ’ કોલમ ‘‘હમલોગ’’ દૈનિકમાં તા. ૧૩-૨-૨૦૧૭ના રોજ પ્રગટ થયેલ તેમના વિચારો મૂકી આદિવચન પૂરું કરું છું.

‘‘પંડિત દીનદયાલને સમજીને આચરણમાં મૂકવામાં આવે તો ગાંધીજીના ‘સર્વોદયની કલ્પના અને પંડિતજીના એકાત્મ માનવવાદની કલ્પના એકાકાર થઇને સામાન્ય જનતાને સ્વાભિમાની અને આપબળે વિકાસ સાધવા પ્રેરે એવો સુગમ સંગમ યોજાય. અત્યાર લગી સંઘ વિરુદ્ધ ગાંધીવિચારને મૂકીને સમાજને થયેલા નુકશાનની ભરપાઇ થવાનો માહોલ આ વર્ષ દરમિયાન રચી શકાશે. એટલે જ સવિશેષ જવાબદારી ડૉ. મહેશચંદ્ર શર્મા અને પંડિત દીનદયાલના વિચારને વરેલા કાર્યકરોને શિરે આવે છે, જેથી દીનદયાલ શતાબ્દી વર્ષની ઉજવણી માત્ર વિધિ-વિધાન બનીને ના રહે.’’

**તા. ૧૬-૦૨ -૨૦૧૭**
**પાટણ.**

**પ્રોફે. બી.એ. પ્રજાપતિ**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## ભૂમિપૂજન/ખાતમુહૂર્ત





હેમંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં રૂસા અને યુ.જી.સી.ના અનુદાનથી એમ.બી.એ. વિભાગના મકાનનું (રૂા. ૧.૪૪ કરોડ), ગ્રંથાલય મકાનનું (રૂા. ૧.૩૩ કરોડ) અને રાજ્ય સરકાર અનુદાન દ્વારા પરીક્ષા ગોડાઉન મકાનનું (રૂા. ૧.૪૧ કરોડ)નું એક્સ્ટેન્શન વર્કનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત મા. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના વરદ્ હસ્તે કુલસચિવશ્રી, કારોબારી-સેનેટ સભ્યો, અધિકારીશ્રીઓ, અધ્યક્ષ-અધ્યાપકો, આમંત્રિત મહેમાનશ્રીઓ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં તા. ૩૧-૧-૧૭ના રોજ કરવામાં આવ્યું.

## સ્પર્ધા






હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટ્સના યજમાનપદે ડિપાર્ટમેન્ટ ઓફ ફિજીકલ એજ્યુકેશનના મેદાનમાં તા. ૧ થી ૫ જાન્યુઆરી, ૨૦૧૭ દરમ્યાન વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી મહિલા કબડ્ડી ચેમ્પિયનશીપ-૨૦૧૭નું આયોજન થયું. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ પાંચ રાજ્યોની ૪૩ યુનિવર્સિટીની ૪૦૦થી વધારે મહિલા ખેલાડીઓને જીતવા માટે નહિં, પરંતુ ખેલદિલીપૂર્વક પ્રદર્શન કરવા હાંકલ કરી દીધી. સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જતીન સોનીએ યુવાનો જવાબદારીપૂર્વક રમત પ્રત્યે રુચિ દાખવવાનું જણાવેલ. બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન શ્રી દિલીપભાઇ ચૌધરીએ રમતમાં જીતવા કરતા ભાગ લેવો અગત્યનો છે તેમ જણાવેલ. સ્પર્ધામાં પ્રથમક્રમે ભારતીય વિદ્યાપીઠ, પુણે - દ્વિતીયક્રમે મુંબઇ યુનિવર્સિટી, મુંબઇ - તૃતીયક્રમે સાવિત્રીબાઇ ફુલે યુનિવર્સિટી, પુણે અને ચોથાક્રમે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઇ વિજેતા બનેલ.





હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના યજમાન પદે ઓલ ઈન્ડીયા ઈન્ટર ઝોનલ કબડ્ડી (વુમન) સ્પર્ધાનું આયોજન તા. ૯ ફેબ્રુઆરી-૨૦૧૭થી થયેલ. ભારત દેશના સાઉથ, નોર્થ, ઈસ્ટ અને વેસ્ટ ઝોનની ૪-૪ ટીમો મળી કુલ ૧૬ ટીમોના ૧૯૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે એમ.ડી. યુનિવર્સિટી-ગોતાંગ, બીજા ક્રમે એચ.પી. યુનિવર્સિટી-શીમલા, ત્રીજા ક્રમે પંજાબ યુનિવર્સિટી-પટીયાલા અને ચોથા ક્રમે કુરુક્ષેત્ર યુનિવર્સિટી વિજેતા થઈ હતી. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી હતી તેમજ કુલસચિવશ્રી ડૉ. ડી. એમ. પટેલ, બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન શ્રી દિલીપભાઈ ચૌધરી, શારીરિક શિક્ષણના નિયામક ડૉ. વિનોદભાઈ ચૌધરી, ડૉ. ગિરિશભાઈ ઠક્કરે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી હતી.

# કોલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

* ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ. આર્ટ્સ અને પી.એન. પટેલ કોમર્સ કોલેજ, ઈડરના એન.એસ.એસ. યુનિટ દ્વારા ઈડર તાલુકાના ભાણપુર મુકામે ૧૦૪ સ્વયંસેવકો સાથે સાત દિવસીય

વાર્ષિક શિબિર યોજાઇ. શિબિરમાં ગામના નિવૃત્ત શિક્ષક બી.ડી. પટેલે વિદ્યાર્થીઓને વાસ્તુશાસ્ત્ર અને મંદિર તથા વાવના પુરાતત્વ નિદર્શન વિશે માહિતી પુરી પાડી હતી. આ ઉપરાંત પ્રભાતફેરી, ગ્રામ સફાઇ, વ્યસન મુક્તિ, સ્ત્રીભૃણ હત્યા અટકાવો, પર્યાવરણ સુરક્ષા, લોકજાગૃતિ, મહિલા સશક્તિકરણ, કેશલેશ જાગૃતિ અંગેનું વ્યાખ્યાન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો, બાળ રમતોત્સવ, ગરબા વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

✻ વિશ્વમંગલમ કે. મંડળ હિંમતનગર સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરીમાં એન.એસ.એસ. અને સપ્તધારાના ઉપક્રમે તા. ૦૫-૧૨-૨૦૧૬ના રોજ કેશલેશ અને નેટ બેંકીંગ જાગૃતિ કાર્યક્રમ યોજાયો. કોલેજમાં એસ.બી.આઇ. છાપરીયા શાખા, હિંમતનગરના Dy. Manager ચંદ્રકાન્તભાઇ, મલેક મેડમ અને તેમની ટીમે SBI Buddy, State Bank Freedom, Net Banking, SBI quick વગેરેથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓને જાગૃતિ અભિયાનના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ ગામડાઓ ફાળવી વિદ્યાર્થીઓએ ૦૫ ગામડાઓની મુલાકાત લઇ ગ્રામજનોને કેશલેશ સિસ્ટમથી માહિતગાર કરી તેના આવનારા દિવસોમાં થનારા લાભ વિશે સમજણ પુરી પાડી હતી.

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરાના એન.એસ.એસ.ના ઉપક્રમે તા. ૪-૧ થી તા. ૧૦-૧-૨૦૧૭ દરમિયાન ધનસુરા તાલુકાના વડાગામે વાર્ષિક શિબિર યોજાઇ. જેમાં મહિલા શિક્ષણ, વ્યસન મુક્તિ, સ્વચ્છતા, શૌચાલય જનજાગૃતિ માટે સંગિતમય, જ્ઞાન ગમ્મત સાથે ડાયરો યોજાયો. મહિલા હેલ્પ લાઇન નંબર, ડિજીટલ બેંકીંગ, પર્યાવરણ બચાવો, સ્વચ્છતા જનજાગૃતિ માટે એન.એસ.એસ. સ્વયંસેવકો અને શાળાના બાળકોએ રેલી કાઢી હતી. આ શિબિર દરમ્યાન આશરે ૩૦૦ જેટલા કુટુંબનું સામાજિક અને આર્થિક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ આઇ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૩૦ જેટલા દર્દીઓનું ડૉ. કિરીટભાઇ પંચાલે નિદાન કર્યું હતું. સાબર ડેરી શીતકેન્દ્ર ધનસુરાના સહયોગથી પશુસારવાર કેમ્પ યોજાયો તથા સર્વરોગ નિદાન કેમ્પમાં ૪૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. રણાસણ અંજલિ હોસ્પિટલના સહયોગથી કિશોરી મેળો યોજાયો. શિબિરાર્થીઓને શ્યામલવન ખાતે પ્રકૃતિ શિક્ષણ માટે મુલાકાત કરાવી હતી તથા રાત્રે શિબિરાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

✻ તા. ૨૫ જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિવસ અંતર્ગત રાષ્ટ્રીય મતદાર દિવસ તરીકે ઉજવણીના ભાગરૂપે મામલતદાર કચેરી અને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના સંયુક્ત ઉપક્રમે એન.સી.સી., એન.એસ.એસ. અને રમત-ગમત તથા કોલેજ પરિવારના વિદ્યાર્થી ભાઇ-બહેનો દ્વારા મતદાર જાગૃતિ અભિયાન માટે રેલીનું આયોજન થયું હતું.

✻ શ્રી એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડી દ્વારા એચ.આઇ.વી. એઇડ્સ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થી સ્વયંસેવકોએ સમગ્ર વિસ્તારમાં રેલી કાઢી માહિતી પુસ્તીકાનું વિતરણ કર્યું હતું.

## ઉજવણી

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં સ્વામી વિવેકાનંદની ૧૫૪મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી. વિવેકાનંદના જીવન-ઝરમર વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધામાં પ્રથમક્રમે ચૌધરી રવિના, દ્વિતીયક્રમે પ્રજાપતિ વિધિ, તૃતીયક્રમે પટેલ વૈભુ રહ્યા હતા. પ્રા. ડૉ. રઘુભાઇ, પ્રા. ડી.જે. વાઘેલાએ વિવેકાનંદના જીવન ઝરમર વિશે વક્તવ્ય આપ્યું હતું.

✻ શ્રી એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડી દ્વારા વિદ્યાર્થીઓને લગતી વિવિધ સહ અભ્યાસી પ્રવૃતિઓ માટે ''ક્રિસમસ કાર્નિવલ''નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૬ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ દરમ્યાન સ્પોર્ટ્સ-ડે, વર્ગ સુશોભન અને સેલ્ફી-ડે, સાહિત્ય સંગોષ્ઠી, નિબંધલેખન/વક્તૃત્વ સ્પર્ધા, મહેંદી અને રંગોલી સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન પ્રો. રવિ રંગવાણી અને પ્રો. જીગ્નેશ પટેલે કર્યું હતું. તેમજ કૉલેજમાં જુનિયર ચેમ્બર ઓફ ઇન્ટરનેશનલના સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે તા. ૧૨-૦૧-૨૦૧૭ના રોજ કોલેજ કેમ્પસ ખાતે યુવા દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં વિવેકાનંદને પુષ્પાંજલિ, પ્રેરકજીવન પ્રદર્શની અને વિવેકાનંદ સંબંધિત વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી.

✻ લક્ષ્મી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં તા. ૨૨-૧૨-૨૦૧૬ના રોજ ગણિત-વિજ્ઞાન મંડળ દ્વારા રામાનુજનના જીવન પરિચય, સ્વકૃતિ, પરકૃતિ તેમજ નાટક દ્વારા ગણિતનું મહત્ત્વ અને રામાનુજનનું ગણિતમાં પ્રદાન વિશે સમજ અપાઇ હતી.

## કાર્યક્રમ

✻ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણમાં તા. ૨૬-૧૨-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધી સ્પંદન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્લેમોડલિંગ, ચિત્ર હરિફાઇ, વેસ્ટમાંથી બેસ્ટ, રંગોલી હરિફાઇ, એડમેડ-શો, મહેંદી હરિફાઇ, વાનગી હરિફાઇ, કલાસ ડેકોરેશન તેમજ સ્પોર્ટ્-ડેની ઉજવણી કરવામાં આવી હતી.

✻ શ્રી એ.એમ. પટેલ (અવની સીડ્સ) મહિલા એજ્યુકેશન કોલેજ, ઊંઝા દ્વારા તા. ૩૦-૧૨-૨૦૧૬ના રોજ યોગ અંગે કાર્યક્રમ યોજાઇ ગયો. યોગ તજ્જ્ઞશ્રી ડૉ. જયંતિભાઇ પટેલે પ્રાણાયામ, કપાલભાથિતથા વિવિધ પ્રકારના આસનો અને તેના દ્વારા શરીરના અવયવોને થતા ફાયદા, યોગ એટલે શું, તેના મહત્ત્વ વિશે તાલીમાર્થી બહેનોને માહિતગાર કર્યા હતા.

✻ એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત શ્રીમતી મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૦૫-૦૧-૨૦૧૭ના રોજ એઇડ્સ જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર, કુંડાળના સામાજિક કાર્યકર (એઇડ્સ જાગૃતિ કન્વીનર) કૌશલભાઇ મોદીએ વિદ્યાર્થિનીઓને એઇડ્સ કેવી રીતે થાય છે તથા તે ન થાય તે માટે શી કાળજી રાખવી આ અંગે માર્ગદર્શન

આપ્યું.

❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરના સામુદાયિક સેવાધારા તથા મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તા. ૦૯-૦૧-૨૦૧૭ના રોજ ‘વૃદ્ધાશ્રમ સેવા’નો કાર્યક્રમ વિજાપુરના રામબાગ વૃદ્ધાશ્રમ ખાતે યોજવામાં આવ્યો. વૃદ્ધોને માનસિક હુંફ આપવાના યત્નરૂપે કોલેજની સ્વયંસેવિકાઓ દ્વારા એકત્ર કરાયેલ ખિસ્સા ખર્ચમાંથી બચાવેલા ભંડોળમાંથી વૃદ્ધો માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ તેમજ પુષ્પ વડે તેઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કોલેજના સર્વે અધ્યાપકોએ પણ યથાશક્તિ ફાળો આપી વૃદ્ધોની સેવાનો લાભ લીધો હતો.

❊ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગરમાં તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ વિશ્વ દીકરી દિન નિમિત્તે બેટી બચાવો અને એઈડ્સ જાગૃતિ અભિયાન અંતર્ગત પોસ્ટર પ્રદર્શનનું આયોજન થયું હતું. વિશ્વ દિકરી દિન નિમિત્તે બેટી બચાવો અંગેના શપથ લઈ એઈડ્સ જાગૃતિ, માતૃ સ્વાસ્થ્ય, કુપોષણ, જાતીય રોગો, રક્તદાન અંગેના પોસ્ટરોનું પ્રદર્શન ગોઠવાયું હતું.

## ગૌરવ

❊ તા. ૨૭-૨૯ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ થર્ડ ઓપન નેશનલ યોગા સ્પોર્ટ્સ ચેમ્પીયનશીપનું આયોજન કોલકત્તા મુકામે થયું. જેમાં જુદા જુદા રાજ્યોમાંથી આશરે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના વિદ્યાર્થી હર્ષ અશોકકુમાર પટેલ નેશનલ લેવલે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

❊ ગણપત વિદ્યાનગર (ખેરવા) ખાતે વેસ્ટઝોન યુથફેસ્ટીવલ તા. ૬-૧૦ જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન યોજાયો. જેમાં આર્ટ્સ કોલેજ પાટણના વિદ્યાર્થી જીતેન્દ્ર બી. મિસ્ત્રીએ હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી તરફથી કોલાજ સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં તેમણે પ્રથમ સ્થાન મેળવી સમગ્ર યુનિ. તથા કોલેજનું ગૌરવ વધારેલ છે. જીતેન્દ્ર બી. મિસ્ત્રી હવે ઓલ ઈન્ડિયા યુથફેસ્ટીવલમાં ભાગ લેશે અને રાષ્ટ્રીય લેવલે યુનિ. તથા કોલેજનું પ્રતિનિધિત્વ કરશે.

❊ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સંસ્કૃત વિભાગના પ્રા. હિનાબેન પી. ભોજકે “ધમાર્થકામશાસ્ત્રેષુ અર્થપુરુષાર્થ” વિષય પર ડૉ. હર્ષદેવ માધવના માર્ગદર્શનમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી (વેરાવલ)માંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે.



❊ ગુજરાત સાયન્સ એકેડમી અને ઈન્ડીયન નેશનલ સાયન્સ એકેડમી, ન્યુ દિલ્હી “ફિઝીક્સ નોબલ લોરેટ-૨૦૧૬” વિષય ઉપર ઓરલ કોમ્પીટીશનનું આયોજન ફિઝીક્સ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતની વિવિધ કોલેજોના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. જેમાં આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરનો બી.એસ.સી. સેમ-૬ (ભૌતિકશાસ્ત્ર)નો વિદ્યાર્થી હિતાર્થ વાસુદેવ રાવલ સમગ્ર ગુજરાતમાંથી દ્વિતીયક્રમે વિજેતા રહ્યો હતો.

## નિદાન કેમ્પ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઈડરમાં તા. ૧૦-૦૧-૨૦૧૭ના રોજ થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૭૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. થેલેસેમિયાના ટેસ્ટ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત બ્રાન્ચ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રવાસ

❊ શેઠ એમ.એન. સાયન્સ કોલેજ, પાટણના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૬ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ સુધી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરેલ હતું. જેમાં ખિજડીયા પક્ષી અભ્યારણ્ય જામનગરમાં વિવિધ પક્ષીઓનો અભ્યાસ કરવામાં આવેલ. વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૦થી વધારે પક્ષીઓની જાતિઓ નોંધવામાં આવી હતી. ત્યારબાદ ઓખામઢીમાં આવેલ ટર્ટલ રેસ્ક્યુ સેન્ટરની મુલાકાત લઈ ત્યાં સામુદ્રિક કાચબાનો અભ્યાસ કરેલ. મરીન નેશનલ પાર્કના ભાગરૂપે બેટદ્વારકામાં હનુમાન દાંડી બીચ પર વિદ્યાર્થીઓ દ્વારા જુદા-જુદા સામુદ્રિક જીવોનો પ્રત્યક્ષ અભ્યાસ કરવામાં આવેલો. ઓખા અને વેરાવલ બંદરોએ આવતી મત્સ્યો તથા સામુદ્રિક જીવોના અભ્યાસ અને સાચવણીની પદ્ધતિઓ વિશેની માહિતી માટે ત્યાના ફિશ લેન્ડિંગ સેન્ટરોની મુલાકાત લેવામાં આવેલી. જુનાગઢમાં આવેલ શક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં જુદા-જુદા પ્રાણીઓ, પક્ષીઓ તથા સરીસૃપો તેમજ મત્સ્યોનો અભ્યાસ કરવામાં આવેલો.

## મહોત્સવ

તા. ૨૪-૨૫ ડિસેમ્બર, ૨૦૧૬ દરમિયાન શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજનો સુવર્ણજયંતિ મહોત્સવ યોજાઈ ગયો. સુવર્ણજયંતિ મહોત્સવના પ્રારંભે નગરયાત્રાની ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયો, વિવિધ સંસ્થાઓ અને વિવિધ પ્રવૃત્તિઓને રજુ કરતા ૧૫ ટેબ્લોનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીનું પ્રસ્થાન લક્ષ્મણભાઈ બાલચંદભાઈ પટેલ અને દાતા પ્રતિનિધિશ્રી ચીમનભાઈ ત્રિભોવનદાસ ગુરૂએ કરાવ્યું હતું. બીજા દિવસે સુવર્ણ જયંતિ સમારોહના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી જગદીશભાઈ નટવરલાલ મહેતા, શ્રી કે.આઈ. પટેલ, પરમપૂજ્ય સ્વામીશ્રી આધ્યાત્મનંદજી મહારાજ, કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ, દાતા પ્રતિનિધિઓ અને ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન ભુતપૂર્વ વિદ્યાર્થી ઉપસ્થિત રહી પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતાં. સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના તેમજ કેમ્પસની અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

## રીફ્રેશર કોર્ષ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૧૭-૧૮ ડિસે., ૧૬ રોજ પાલનપુર મુકામે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદ દ્વારા અનુદાનિત બે-દિવસીય ‘ફાર્માસીસ્ટ રીફ્રેશર કોર્ષ’નું આયોજન કરવામાં આવ્યું. પ્રોગ્રામમાં ૨૭૫થી વધુ રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ લાભાન્વિત થયા. ગુજરાત ફેડરેશન કેમીસ્ટ એસોસીએશનના પદાધિકારી તથા શિક્ષણ ક્ષેત્રના વિદ્વાન પ્રાધ્યાપકોએ ફાર્મસીના વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી આપી હતી.

## વર્કશોપ

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં એસ.બી.આઇ., કડી દ્વારા તા. ૭-૧-૧૭ના રોજ વિદ્યાર્થિનીઓ માટે કેશલેશ/ડિજીટલ ટ્રાન્ઝેકશન વર્કશોપ યોજાઇ ગયો. જેમાં બેન્ક મેનેજરશ્રી દવે, કસ્ટમ આ.મેનેજર અમીતભાઇ, ફિલ્ડવર્કર શુભમ પારેખ તથા સંજયભાઇ વિઠ્ઠલપરાએ વિદ્યાર્થિનીઓ તથા સ્ટાફ પરિવારને કેવી રીતે કેશલેશ/ડિજીટલ ટ્રાન્ઝેકશન કરી શકાય તે અંગેની જાણકારી આપી, પ્રેક્ટીકલી તેનો ઉપયોગ કેવી રીતે થઇ શકે તે બતાવ્યું હતું.

## વ્યાખ્યાન

❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૨૯-૧૨-૨૦૧૬ના રોજ કોલેજ કક્ષાની વ્યાખ્યાનમાળા યોજાઇ હતી. જેમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કડીના ડૉ. મહાકાન્ત જોષીએ ‘‘ભાસકૃત સ્વપ્નવાસવદતમ્‌ને આધારે ભાસની નાટ્યકલા’’ એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

❊ રાજપુર કેળવણી મંડળ સંચાલિત વિજયનગર આર્ટ્સ કોલેજમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા ‘‘શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાનું આધુનિક સમીકરણ-કર્મ અને જ્ઞાન’’ વિષય પર ડૉ. કરુણાબેન એસ. ત્રિવેદીનું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું. તેમણે ગીતામાં નિરૂપાયેલા કર્મ અને જ્ઞાનના વર્તમાન સમયમાં ઉપયોગિતા દર્શાવી ઉદાહરણ આપ્યા હતા.

❊ વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરીમાં તા. ૦૭-૦૧-૨૦૧૭ના રોજ કોલેજ કક્ષાની વ્યાખ્યાનમાળા યોજાઇ. વક્તાશ્રી ડૉ. હસમુખભાઇ બારોટે ‘હિન્દી સાહિત્ય ઔર સમાજ’ વિષય પર અનેકવિદ ઉદાહરણો દ્વારા વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ તા. ૧૦-૦૧-૨૦૧૭ના રોજ યુનિ. કક્ષાની વ્યાખ્યાનમાળામાં વક્તાશ્રી પ્રો. ડૉ. ઉત્પલ પટેલે ‘ગુજરાતી લલિત નિબંધના મુખ્ય સ્થિત્યંતરો’ વિષય પર ઉદાહરણો સહિત પ્રવચન આપ્યું હતું.

❊ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કોલેજ, મહેસાણામાં ગુજરાતી વિભાગના ઉપક્રમે તા. ૦૯-૦૧-૨૦૧૭ના રોજ યોજાયેલ વ્યાખ્યાનમાળામાં ભાવનગર યુનિવર્સિટીમાંથી વિપુલ પુરોહિતે ‘માનવ જીવનમાં કલાનું મહત્ત્વ’ અને ડૉ. દીકપાલસિંહ જાડેજાએ ‘કાવ્યની સમજ’ વિષે વ્યાખ્યાન આપ્યા હતા.



❊ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ કોલેજના કેરીયર કાઉન્સેલીંગ સેલ અને ઉદ્દીશા અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન અંગે તા. ૧૦-૦૧-૨૦૧૭ના રોજ પાટણ-સ્પીપાના ડાયરેક્ટર ડૉ. રાજેશ પટેલ, ડૉ. રાકેશ ચૌધરી તેમજ શ્રી પ્રફુલ્લ ગઢવીનું વ્યાખ્યાન યોજાયું. જેમાં યુ.પી.સી.એસ.ના અભ્યાસક્રમ મુજબ જરૂરી આયોજન, પરીક્ષાની પૂર્વ તૈયારી કઇ રીતે કરવી, આઇ.એ.એસ., આઇ.પી.એસ., આઇ.એફ.એસ. કેટેગરી અંગે તેમજ એસ.એસ.સી., જી.પી.એસ.સી. તેમજ અન્ય પરીક્ષાઓની તૈયારીઓ કેવી રીતે કરવી તેની માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત આ પરીક્ષાઓ અંગે ઉપયોગી બુક્સનું વિતરણ કરવામાં આવ્યું.

❊ ધી કે.એન.એસ.બી.એલ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વ્યસનમુક્તિ કાર્યક્રમ તા. ૧૧-૧-૧૭ના રોજ ડીસ્ટ્રીક્ટ ટોબેકો કન્ટ્રોલ સેલ તથા તાલુકા હેલ્થકચેરી ખેરાલુના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો. પ્રિ. ડૉ. એચ.કે. પટેલે વિદ્યાર્થીઓને વ્યસન મુક્તિ સંદર્ભે ઉપયોગી વક્તવ્ય આપી વિદ્યાર્થીઓને વ્યસનથી દૂર રહેવા માહિતગાર કરી વ્યસન મુક્તિ સંકલ્પ લેવડાવ્યો હતો.

❊ તા. ૧૨-૧-૧૭ના રોજ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતી નિમિત્તે વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં કોલેજના પ્રો. આર.બી. પટેલ, પ્રો. આઇ.કે. મનસુરી, પ્રો. નવીન પ્રજાપતિ અને પ્રો. મહેશ જાનીએ સ્વામી વિવેકાનંદના જીવન અને તેમના વિચારો ઉપર પોતાના વકતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ./એન.સી.સી. અને સ્પોર્ટ્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ તા. ૧૨-૦૧-૨૦૧૭ના રોજ યુવા મતદાતા દિન નિમિત્તે રેલી તેમજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં વિદ્યાર્થીઓ પ્લેકાર્ડ અને બેનર સાથે ઊંઝાના માર્ગો પર જઇ મતદાતા જાગૃતિ વિશે પ્રયત્ન કર્યો હતો. પ્રો. આઇ.કે. મનસુરી અને પ્રો. નવીનભાઇ પ્રજાપતિએ મતદાન વિશે વ્યાખ્યાન આપ્યું હતું.



❊ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગરના ઇતિહાસ વિભાગ દ્વારા તા. ૨૩-૧-૧૭ના રોજ ‘ગાંધીજી અને રાષ્ટ્રીય આંદોલનો’ વિષય ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વક્તા તરીકે એસ.વી. આર્ટ્સ કોલેજ, અમદાવાદના પ્રિ. ડૉ. જગદીશભાઇ ચૌધરી હતા. તેમણે વિષય ઉપર ઐતિહાસિક સંદર્ભો ટાંકી, મહત્ત્વની ઘટનાઓ, તાવારીખોની ઊંડાણથી માહિતી આપીને વિદ્યાર્થીઓને ગાંધીજી, ગાંધીવાદ અને દેશની આઝાદીમાં તેમના પ્રદાન, ત્યાગ અને સમર્પણને રજુ કર્યા હતા.

ઉપરાંત તા. ૨૫-૧-૧૭ના રોજ ગુજરાતી વિભાગ દ્વારા

'માતૃભાષાનું શિક્ષણમાં મહત્વ' વિષય ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વક્તા તરીકે પીલવાઈ કોલેજના ગુજરાતી વિષયના ડૉ. યશોધરભાઇ રાવલ હતા.

❊ તા. ૨-૨-૧૭ના રોજ પાલનપુરની એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં કોલેજ કક્ષાનું વ્યાખ્યાન યોજાઇ ગયું. જેનો વિષય 'હિન્દી નાટક ઔર રંગમંચ' અને વક્તા ડૉ. બિન્દુ બટ્ટ હતા.

## સેમિનાર

❊ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા ખાતે ૩ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ કોલેજના ટી.વાય. બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે 'Oppertunities in e–international Marketing' વિષય પર માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં વિષય નિષ્ણાંત તરીકે મેહુલ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

❊ ગુજરાત અર્થશાસ્ત્ર મંડળ તથા ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે તા. ૬ થી ૮ જાન્યુ., ૨૦૧૭ દરમ્યાન ત્રિદિવસીય ૪૭મું ગુજરાત અર્થશાસ્ત્રીય અધિવેશન યોજાયું. કાર્યક્રમમાં વિવિધ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાંથી અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપકો તથા એમ.ફિલ., પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

❊ ગાર્ડીયેર, વિભાગ, ઉ.ગુ.યુનિવર્સિટી તેમજ આર્ટ્સ કોલેજ, પાટણના સંયુક્ત ઉપક્રમે ઉદિશા કલબ અંતર્ગત પ્રિઅભિમન્યુ સેમિનાર યોજાયો. સેમિનારમાં ડૉ. રાજેશ પટેલે યુ.પી.એસ.સી. પરીક્ષાનું માળખું, ગુણભાર, પુછાતા પ્રશ્નો, તેના ઉત્તર કયા સાહિત્યમાંથી મેળવી શકાય તેની જ્ઞાનસભર માહિતી આપી હતી.

## સ્પર્ધા

❊ ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણામાં તા. ૦૭-૦૧-૨૦૧૭ના રોજ રમતોત્સવની ઉજવણી કરવામાં આવી રમતોત્સવ કાર્યક્રમમાં લીંબુ ચમચી, ૧૦૦ મીટર દોડ, કોથળા દોડ, ત્રીપગી દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, સંગીત ખુરશી, વોલીબોલ, કબડ્ડી અને ફુગ્ગા ફોડ જેવી તમામ સ્પર્ધાઓમાંથી સ્પોર્ટ્સ બોય તરીકે પટેલ મૌલિક એમ. અને સ્પોર્ટ્સ ગર્લ્સ તરીકે કોકણી સરીપા એસ. વિજેતા જાહેર થયા હતા.

❊ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા ખાતે તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ નોટબંધી એ રાજરમત કે દેશહિતનું પગલું અને સ્વામી વિવેકાનંદના વિચારો દ્વારા સ્વચ્છ ભારતનું નિર્માણ વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમક્રમે બારોટ જાનવી, બીજાક્રમે લિમ્બાચીયા ભૂમિકા અને ત્રીજાક્રમે સુથાર મનિષ રહ્યા હતા.

❊ રાજપુર કેળવણી મંડળ સંચાલિત વિજયનગર આર્ટ્સ કોલેજમાં સપ્તધારા-જ્ઞાનધારા અંતર્ગત તા. ૭-૧-૨૦૧૭ના રોજ 'નોટબંધીના લાભા-લાભ' અને 'કેશલેશ ભારત' આ વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રથમક્રમે સંઘવી પ્રિયાબેન પી., દ્વિતીયક્રમે લુહાર વૈશાલીબેન એ. અને તૃતીયક્રમે નિનામા તેજલબેન એસ. વિજેતા રહ્યા હતા.

❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરામાં તા. ૯-૧-૨૦૧૭ના રોજ સપ્તધારાની સર્જનધારાના ઉપક્રમે મહેંદી અને હેરસ્ટાઇલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમજ તા. ૧૦-૧-૨૦૧૭ના રોજ 'સપ્તધારા' અંતર્ગત 'દેશભક્તિના ગીતો'ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝાની નેટબોલ ટીમે તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ મહેસાણા ખાતે યોજાયેલ હેમ.ઉ.ગુજ.યુનિ. આંતર કોલેજ સ્પર્ધામાં ચેમ્પિયન બનેલ છે. ટીમના માર્ગદર્શક પ્રો. દિવ્યેશભાઇ પટેલ હતા.

❊ નવજીવન એજ્યુકેશનલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી નવજીવન બી.એડ્.કોલેજ, ડીસામાં તા. ૧૭-૧૨-૨૦૧૬ના રોજ પ્રશિક્ષણાર્થીઓ માટે કોલેજ કક્ષાનો ક્વિઝ કાર્યક્રમ વિદ્યાર્થીઓની તર્કશક્તિ અને કૌશલ્યનો વિકાસ થાય તે માટે યોજાયો હતો.

❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ-કોમર્સ કોલેજ, થરામાં જ્ઞાનધારા અંતર્ગત તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ નિબંધ લેખન સ્પર્ધા યોજાઇ. જેમાં પ્રથમક્રમે ઠાકોર સચીન તથા મિસ્ત્રી કિરણ, દ્વિતીયક્રમે શાહ જૈના અને તૃતીયક્રમે પંચાલ હિતેશ અને વાઘેલા સોનલબા વિજયી થયાં. તેમજ તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું. સ્પર્ધામાં જોષી બિંદુ પ્રથમક્રમે, શાહ ધારા દ્વિતીયક્રમે અને શાહ ધ્રુવા તૃતીયક્રમે વિજયી થયા.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધનસુરાના ઉપક્રમે તા. ૧૩-૧-૨૦૧૭ના રોજ સપ્તધારા અંતર્ગત 'સ્વચ્છતા અભિયાન' વિષય પર સામૂહિક ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૩૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

❊ હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ આંતર કૉલેજ પાવર લીફટીંગ અને બોડી બિલ્ડીંગ ભાઈઓની સ્પર્ધા મહિલા કૉલેજ, ગોજારીયાના યજમાન પદે તા. ૨૧-૧-૨૦૧૭ના રોજ યોજાઈ હતી. તેમાં શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણની પાવર લીફટીંગની ટીમ ચેમ્પિયન થયેલ છે. તેમજ બોડી બિલ્ડીંગમાં રર્નસઅપ થઈ છે. વિજેતા ખેલાડીઓ ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટીમાં ભાગ લેવા મેંગ્લોર મુકામે જશે. જેમાં નીચેના ભાઈઓ પસંદગી પામેલ છે. (૧) રાઠૌર આશુકુમાર આર.-પાવર લીફટીંગ અને બોડી બિલ્ડીંગમાં પ્રથમ (૬૦ કિ.ગ્રા.), (૨) ઠાકોર સંજય એચ.-બોડી બિલ્ડીંગમાં દ્વિતીય (૬૫ કિ.ગ્રા.), (૩) સબોસણા મનુજી જે.-બોડી બિલ્ડીંગમાં તૃતીય (૬૦ કિ.ગ્રા.)

❊ હેમ.ઉ.ગુ. યુનિ. કક્ષાની નેટબોલ સ્પર્ધામાં મ્યુની.આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કોલેજના ભાઇઓની ટીમ રનરસર્પ બની હતી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના વિદ્યાર્થીઓએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ તરફથી આયોજિત સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ 'યુવાદિવસ' વિષયની વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લઇ ચૌધરી રવિના કિરીટભાઇએ દ્વિતીયક્રમ તથા પ્રજાપતિ વિધિ મગનભાઇએ તૃતીયક્રમ મેળવ્યો હતો.

## શિબિર

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ વન્ય પર્યાવરણ શિબિરનું આયોજન થયેલ જેમાં વિજયનગર (પોળો)ની મુલાકાત લેવામાં આવેલ.

✻ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા દ્વારા તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ દરમ્યાન યોજાઇ રહેલ સ્વચ્છતા ડીજીટલ બેંકીંગ અને લોક જાગૃતિ શિબિર તા. ૨૬-૧૨-૨૦૧૬ના રોજ યોજાઇ હતી.

✻ વિશ્વમંગલમ્ કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજ વિદ્યાનગરી, હિંમતનગરના યજમાન પદે તા. ૪-૫-૬ જાન્યુઆરી, ૨૦૧૭ દરમ્યાન યુનિ.કક્ષાની યોગાસન તાલીમ શિબિર યોજાઇ. શિશપાલજીએ આપણી સંસ્કૃતિના અભિન્ન અંગ એવા યોગ દ્વારા તન-મન અને રાષ્ટ્રના નિર્માણ માટે હાકલ કરી હતી. ડી.એલ. પટેલ અને મહેમાનોએ યુવાન વિદ્યાર્થીઓને યોગ દ્વારા સ્વસ્થ રહેવા સૌને સમાજ-સેવા કરવા જણાવ્યું હતું.

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં કલા-કૌશલ્યધારા અંતર્ગત રંગોળી કેવી રીતે બનાવી શકાય તે અંગેની કાર્ય શિબિર તા. ૯-૧-૧૭ના રોજ યોજવામાં આવી. તજજ્ઞ જલ્પાબેન એન. પરમારે વિદ્યાર્થિનીઓને વિવિધ પ્રકારની રંગોળી સરળતાથી અને સચોટતાથી બનાવવાની તરકીબો પ્રત્યક્ષ રીતે બતાવી હતી. સરળ શૈલીથી વિદ્યાર્થિનીઓના પ્રશ્નોના જવાબ આપી જલ્પાબેને રંગોળીના તમામ પાસાઓને આવરી લઇ ઘર ઉપયોગ તથા વ્યવસાયિક રંગોળીનું નિદર્શન કરાવ્યું હતું.



✻ શ્રી યુવક મંડળ, મક્તુપુર સંચાલિત નીલકંઠ સાયન્સ કોલેજ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા ત્રિ-દિવસીય ડીજીટલ ઈન્ડિયા શિબિરનું આયોજન થયું. જેમાં હે.ગુ.યુનિ., સંલગ્ન ૧૮ કોલેજોના ૧૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉદ્‌ગાટન સમારંભમાં કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ ડીજીટલ ઈન્ડિયા પર ભાર મુકવા નિર્દેશ કર્યો હતો. વિદ્યાર્થીઓને માટે લેક્ચર, ડીબેટ, પ્રેક્ટીકલ કાર્ય, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. વિવિધ તજજ્ઞો દ્વારા; ડૉ. ડી.સી. પટેલ (લો એન્ડ ઈન્ડિયન ડીજીટલ રિવોલ્યુશન), ડૉ. વિશાલ મેવાડા (ડીજીટલ લોકર), શ્રી હિમાશું પરમાર (ડિઝીટલાઈઝેશન ઓફ પબ્લિક સર્વિસ), ઠાકોર કીર્તિ શાહ (સરકારી યોજના અને ડીજીટલ ઈન્ડિયા), ડૉ. રાજેશ ચૌધરી (મોબીલે માર્વેલ ઈન મોડર્ન મોમેન્ટ), શ્રી શીતાન્સું તિવારી (બેંક સર્વિસીસ ફોર કોમનમેન ઈન ડીજીટલ ઈન્ડિયા), શ્રી મિતુલ દેલીયા (ડીજીટલ વિન્ડો ફોર બિઝનેસ), ડૉ. ડી.એમ. પટેલ (ડીઝીટલાઈઝેશન ઓફ યુનિવર્સિટી), ડૉ. નિલેશ પટેલ (ટુલ્સ અને ટેકનીક ઈન ડીઝીટલાઈઝેશન ઓફ લાયબ્રેરી) ડૉ. આશુતોષ પાઠક (ડિજીટલાઈઝેશન ઈન્ડિયા વે ફોર ડેવલપમેન્ટ) અને ડૉ. એસ.એ. ભટ્ટ (ઓવરવ્યુ ઓફ ડીઝીટલાઈઝેશન) વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઈપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) ‘ઉદીચ્ય’માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

ડૉ. નિલેષ એ. પટેલ-કાર્યકારી ગ્રંથપાલ
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઈ-મેઈલ : udichyahngu@gmail.com

## સબરસ

સુનીલ : અનીલ, ઠંડીમા, આટલો ધ્રુજે છે તો ‘મફલર’ બાંધી લે ને મારા ભાઈ!

અનીલ : દાંત કકડાવતા કહ્યું ; ‘હું ભાજપમાં છું.’

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor :** **Dr. Nilesh Patel** (I/c University Librarian), **Dr. Bharat Solanki**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48020/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.